# Rudi Ne Rangili Re Vahla Tari Vansadi Re Lol

રૂડી ને રંગીલી રે વહાલા તારી વાંસળી રે લોલ.
મીઠી ને મધુરી રે માવા તારી મોરલી રે લોલ

વાંસલડી મારે મંદરિયે સંભળાય જો
પાણીડાંને મશે રે જીવણ જોવા નીસરી રે લોલ

બેડા મેલ્યાં માન સરોવર પાળ જો
ઈંઢોણી વળગાડી રે આંબલયિાની ડાળીએ રે લોલ

ગોપી તે હાલ્યા વનરા તે વનની મોઝાર જો
કાન વર કોડીલા રે કેડોમારો રોકી ઊભા રે લોલ

કેડો મેલો પાતળયિા ભગવાન જો
સાસુડી હઠીલી મારી નણદલ મહેણાં મારશે રે લોલ

વાગી તારા ઝાંઝરનો ઝણકાર જો
હળવાં હળવાં હાલો રે તમેરાણી રાધકિા રે લોલ

જીવડો મારો આકુળ વ્યાકુળ થાય જો
અહીયાં કોઈ એ દીઠા રે કામણગારા કાન ને રે લોલ

નીરખી નીરખી થઈ છું હું તો ન્યાલ જો
નરસૈયાના સ્વમી રે બાઈયું અમને ભલે મળ્યા રે લોલ

Gujaratilyrics.com